# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## પીએચ.ડી. (Ph.D.) પ્રવેશ – 2022 માહિતી/અરજીપત્ર

**ઉપલબ્ધ સંખ્યાઃ ગુજરાતી-2, હિન્દી-4, અંગ્રેજી-7, અર્થશાસ્ત્ર-4, સમાજશાસ્ત્ર-3, સમાજકાર્ય-1, ઇતિહાસ-3, પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન-3, કોમ્પ્યુટર-8, ગાંધીવિચાર-6, શિક્ષણશાસ્ત્ર-7, માઇક્રોબાયોલોજી-12, ગ્રંથાલયશાસ્ત્ર-2, ફિઝિક્સ-2, શારીરિક શિક્ષણ-19, યોગવિદ્યા-3, ગ્રામ વ્યવસ્થાપન-4.**

**(1) સૂચનાઓઃ**

1. શૈક્ષણિક વર્ષ 2022-23 માટેની પ્રવેશપ્રક્રિયા ફી રૂ. 750-00 છે. (ફી પરત મળવાપાત્ર નથી.)
2. પીએચ.ડી.ના અભ્યાસની જાહેરાતમાં દર્શાવ્યા પ્રમાણેના વિષયમાં કે અન્ય વિષયમાં અનુસ્નાતક (M.A., M.B.A., M.Com., M.Sc., M.Ed., M.R.M., M.Lib., M.Eng., M.C.A., M.S.W., M.P.Ed., M.P.E.S. વ.)માં ઓછામાં ઓછા 55 ટકા અને અનુસૂચિત જાતિ અને જનજાતિ તથા ઉન્નત વર્ગમાં સમાવેશ ન પામતા (નોન-ક્રિમિલેયર) સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટે 50 ટકા ગુણ હોવા જરૂરી છે.
3. અનુસ્નાતકના અંતિમ સત્ર/વર્ષનું પરિણામ બાકી હશે, તો સત્ર-3/વર્ષ-1 ના પરિણામમાં ઉપર દર્શાવ્યા પ્રમાણે ટકાવારીની પૂર્તતા થતી હોય તો અરજી કરી શકાશે.
4. પ્રવેશપત્ર ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ www.gujaratvidyapith.org પરથી તા. 26-05-2022 સવારે 11-00 વાગ્યાથી શરૂ કરીને તા. 15-06-2022 ના બપોરે 12-00 વાગ્યા સુધી ઓનલાઈન ભરી શકાશે.
5. 750-00 રૂ. ફી ભરતી વખતે તે પ્રક્રિયા બરાબર થઈ છે તે ચકાસવું.
6. અરજીપત્ર તથા પ્રવેશ પરીક્ષાની હોલ ટિકિટની હાર્ડ કોપી પોતાની સાથે રાખવી. અરજીપત્ર સહિતના કોઈપણ દસ્તાવેજોની હાર્ડકોપી મોકલવાની નથી.
7. પ્રવેશ મેળવ્યા પછી પણ કોઈપણ તબક્કે શૈક્ષણિક લાયકાત કે અન્ય માહિતી અધૂરી કે ખોટી રજૂ કરેલી જણાશે તો પ્રવેશ રદ કરવામાં આવશે.
8. કેન્દ્ર સરકારની અનામત નીતિ પ્રમાણે આર્થિક પછાત વર્ગ (EWS) 10 ટકા, અનુસૂચિત જાતિ (SC) 15 ટકા, અનુસૂચિત જનજાતિ (ST) 7.5 ટકા, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ (OBC) 27 ટકા, શારીરિક દિવ્યાંગ (PH) 5 ટકા મુજબ પ્રવેશ ફાળવવામાં આવશે. જમ્મુકાશ્મીરના વિદ્યાર્થીઓ માટે બે બેઠકો વધારાની ફાળવી શકાશે.
9. પીએચ.ડી.માં એકથી વધુ વિષય માટે અરજી કરી શકાશે નહીં. જો અરજી કરી હશે તો જે વિષય માટે પ્રથમ પરીક્ષા આપી હશે તે જ માન્ય ગણાશે.

**(2) પ્રવેશ પરીક્ષાઃ પરીક્ષા જુલાઈ માસમાં યોજાશે, તેની તારીખ અને સમયની જાણકારી વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે અને ઇમેલથી જાણ કરવામાં આવશે. પ્રવેશ પરીક્ષાને લગતી તમામ માહિતી વખતોવખત વેબસાઈટ પર મૂકવામાં આવશે. ફોન દ્વારા, રૂબરૂ કે અન્ય કોઈ રીતે માહિતી મળશે નહીં. આથી સમયાંતરે વેબસાઈટ જોતા રહેવું. જો કોઈપણ કારણસર ઉમેદવાર પ્રવેશ પરીક્ષામાં અનુપસ્થિત રહેશે તો કોઈપણ પ્રકારની રજૂઆત અંગે વિચારી શકાશે નહીં.**

પ્રવેશપરીક્ષાનું માળખુંઃ પરીક્ષા ઓફલાઈન પણ ગૂજરાત વિદ્યાપીઠમાં જ કોમ્પ્યુટર ઉપર યોજાશે.

કુલ 100 બહુવૈકલ્પિક (multi-pal choice) પ્રશ્નો માટે 100 ગુણની 2 કલાકની પ્રવેશ પરીક્ષા નીચે મુજબ લેવામાં આવશે.

- સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર સંબંધિત જ્ઞાન - ૫૦ ગુણ ( ૫૦ પ્રશ્નો)
- વિષય સંબંધિત જ્ઞાન - ૫૦ ગુણ ( ૫૦ પ્રશ્નો)

- JRF /NET/SET થયેલા ઉમેદવાર ઇચ્છે તો પ્રવેશપરીક્ષામાંથી મુક્તિ મેળવી શકે છે.

* ઉત્તીર્ણ થવાનું ધોરણ 50 ટકાનું (અનામત કક્ષા SC, ST, OBC(નોનક્રિમિલેયર)ના ઉમેદવારો માટે 45 ટકા) છે.

(પ્રવેશ પરીક્ષા અંગેનો અભ્યાસક્રમ વેબસાઇટ પર ઉપલબ્ધ છે.)

**પ્રવેશ પરીક્ષામાં પુનર્મૂલ્યાંકન(રિ-એસેસમેન્ટ/રિ-ચેકિંગ)ની સુવિધા નથી.**

(3) પ્રવેશપરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોએ મૌખિક પરીક્ષા(interview/viva-voce)માં ઉપસ્થિત થવાનું રહેશે. પ્રવેશ પરીક્ષામાં મેળવેલા ગુણના 70 ટકા અને મૌખિકમાં મેળવેલા ગુણના 30 ટકાની ગણતરી કરીને યોગ્યતા યાદી (Merit list) તૈયાર થશે. પ્રવેશપરીક્ષામાંથી મુક્તિ સ્વીકારનારા JRF /NET/SET વિદ્યાર્થીઓ માટે મૌખિક પરીક્ષામાં મેળવેલા ગુણને અગ્રતાક્રમમાં ગણી UGC JRF/NET/SET ઉત્તીર્ણ ઉમેદવારોને પીએચ.ડી.ની જગ્યાઓની ફાળવણીમાં 50 ટકાથી વધુ નહીં અને જે તે કક્ષામાં (કેટેગરી)માં પ્રવેશ માટે અગ્રિમતા આપવામાં આવશે. જો JRF /NET/SET થયેલા ઉમેદવાર પ્રવેશપરીક્ષા આપવાનું સ્વીકારે તો પ્રવેશપરીક્ષામાં મેળવેલા ગુણ અને મૌખિકના ગુણને આધારે પ્રવેશ ફાળવવામાં આવશે.

(4) ઉમેદવારે પ્રવેશ મળ્યા પછી જ નીચે જણાવેલાં પ્રમાણપત્રો તથા તેની સ્વપ્રમાણિત તથા નકલ તે સમયે દર્શાવેલી તારીખ સુધીમાં રજૂ કરવાના રહેશે અન્યથા અરજીપત્ર રદ ગણાશે.

1. આર્થિક પછાત વર્ગ (EWS) પ્રમાણપત્ર
2. એસ.સી./એસ.ટી./ઓ.બી.સી. (નોનક્રિમિલેયર)
3. શારીરિક અપંગતા.
4. બી.એ./બી.કોમ./બીએસ.સી. વ. ગુણપત્ર
5. એમ.એ./એમ.કોમ./એમ.એસસી. વ.ની ગુણપત્ર
6. UGC JRF/NET/SET પ્રમાણપત્ર
7. આધારકાર્ડ

**ખાસ નોંધઃ ઉમેદવારે પોતાના અનુસ્નાતક (M.A., M.B.A., M.Com., M.Sc., M.Eng., M.Ed., M.R.M., M.Lib., M.C.A., M.S.W., M.P.Ed., M.P.E.S વ.) સિવાયના અન્ય વિષયમાં પ્રવેશ માટે અરજી કરી હશે, અને તેના કારણે અભ્યાસ પછી ભવિષ્યમાં કોઈ પણ પ્રકારની મુશ્કેલી ઊભી થાય તો તે માટે ગૂજરાત વિદ્યાપીઠ જવાબદાર રહેશે નહીં.**

**ખાસ સૂચનાઃ**

**પીએચ.ડી. પ્રવેશ સંબંધિત તમામ જાણકારી અને માહિતી વેબસાઈટ ઉપર મૂકવામાં આવશે આથી સમયાંતરે વેબસાઈટ જોતાં રહેવું, રૂબરૂ કે ફોન દ્વારા માહિતી આપવામાં નહીં આવે, તેથી દરેક ઉમેદવારે પોતાનો સાચો અને ઉપયોગમાં લેવાતો ઇમેલ આઈડી જ પ્રવેશપત્રમાં જણાવવો. અન્યથા માહિતી ન મળવા બદલ ગૂજરાત વિદ્યાપીઠની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં, જેની ગંભીર નોંધ લેવી. ઉમેદવારોને તેમના મોબાઇલ પર ફોન દ્વારા કોઈપણ માહિતી મોકલવામાં નહીં આવે.**

**સામાન્ય મુશ્કેલી જણાય તો 079-40016214, 234**

**અરજીપત્ર ભરવામાં ટેકનિકલ મુશ્કેલી હોય તો 079-40016210**

<table>
<tr><th colspan="8">CATOGARY WISE INTAKE OF Ph.D.-2022</th></tr>
<tr><th>No.</th><th>SUBJECT</th><th>TOTAL SEAT</th><th>EWS</th><th>SC</th><th>ST</th><th>OBC</th><th>UN</th></tr>
<tr><td>1</td><td>GUJARATI</td><td>2</td><td>0</td><td colspan="3">1</td><td>1</td></tr>
<tr><td>2</td><td>HINDI</td><td>4</td><td>0</td><td colspan="2">1</td><td>1</td><td>2</td></tr>
<tr><td>3</td><td>ENGLISH</td><td>7</td><td>1</td><td colspan="2">1</td><td>2</td><td>3</td></tr>
<tr><td>4</td><td>ECONOMICS</td><td>4</td><td>0</td><td colspan="2">1</td><td>1</td><td>2</td></tr>
<tr><td>5</td><td>SOCIOLOGY</td><td>3</td><td>0</td><td colspan="3">1</td><td>2</td></tr>
<tr><td>6</td><td>SOCIALWORK</td><td>1</td><td>0</td><td>0</td><td>0</td><td>0</td><td>1</td></tr>
<tr><td>7</td><td>HISTORY</td><td>3</td><td>0</td><td colspan="3">1</td><td>2</td></tr>
<tr><td>8</td><td>JOURNALISM</td><td>3</td><td>0</td><td colspan="3">1</td><td>2</td></tr>
<tr><td>9</td><td>COMPUTER SCIENCE</td><td>8</td><td>1</td><td>1</td><td>1</td><td>2</td><td>3</td></tr>
<tr><td>10</td><td>GANDHIAN THOUGHT</td><td>6</td><td>1</td><td colspan="2">1</td><td>2</td><td>2</td></tr>
<tr><td>11</td><td>EDUCATION</td><td>7</td><td>1</td><td colspan="2">1</td><td>2</td><td>3</td></tr>
<tr><td>12</td><td>MICROBIOLOGY</td><td>12</td><td>1</td><td>2</td><td>1</td><td>3</td><td>5</td></tr>
<tr><td>13</td><td>LIBRARY AND INFORMATION SCIEN</td><td>2</td><td>0</td><td colspan="3">1</td><td>1</td></tr>
<tr><td>14</td><td>PHYSICS</td><td>2</td><td>0</td><td colspan="3">1</td><td>1</td></tr>
<tr><td>15</td><td>PHYSICAL EDUCATION</td><td>19</td><td>2</td><td>3</td><td>1</td><td>5</td><td>8</td></tr>
<tr><td>16</td><td>YOGVIDYA</td><td>3</td><td>0</td><td colspan="3">1</td><td>2</td></tr>
<tr><td>17</td><td>RURAL MANAGEMENT</td><td>4</td><td>0</td><td colspan="2">1</td><td>1</td><td>2</td></tr>
<tr><td></td><td>TOTAL</td><td>90</td><td></td><td></td><td></td><td></td><td></td></tr>
</table>